# જીવન પરિમલ




વિ.સં. ૨૦૬૨

સને ૨૦૦૫-૦૬

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## નૂતન વર્ષાભિનંદન

નૂતન વર્ષનું પદાર્પણ થઈ ચૂક્યું છે. આપણું સમસ્ત જીવન સદ્‌વિચાર અને સદાચારથી સુગંધિત બને તેવો સંનિષ્ઠ પ્રયત્ન કરીએ. સમસ્ત જીવન સુસંસ્કારરૂપી રત્નોથી સુશોભિત બને અને સદ્‌ગુણોના સિંચન દ્વારા સાચા અર્થમાં આપણું **જીવન પરિમલ** યુક્ત બને એવો હૃદયપૂર્વકનો પુરુષાર્થ આદરીએ. વિવેકપૂર્વક જીવવાની જીવનકળા નૂતનવર્ષમાં આપણને પ્રાપ્ત થાઓ.

નૂતન વર્ષ સર્વને સુખ-શાંતિ-આરોગ્ય પ્રદાન કરનારું, ધર્મવર્ધક તથા અભ્યુદયને અર્પનારું નીવડે તેવી પરમાત્માને પ્રાર્થના છે.


સંસ્થાપક, પ્રેરક : **શ્રદ્ધેયશ્રી આત્માનંદજી**

સંપાદક : **શ્રી મિતેશભાઈ એ. શાહ**

મૂલ્ય : ૪.૦૦

પ્રકાશક : **શ્રી જયંતભાઈ શાહ, પ્રમુખ**

**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**

(શ્રી સત્શ્રુત-સેવા-સાધના કેન્દ્ર સંચાલિત)

કોબા - ૩૮૨ ૦૦૭ જિ. ગાંધીનગર (ગુજરાત)

ફોન : (૦૭૯) ૨૩૨૭ ૬૨૧૯/૪૮૩

ફેક્સ : (૦૭૯) ૨૩૨૭ ૬૧૪૨

**www.shrimad-koba.org**

**E-mail : srask@rediffmail.com**


## વિશ્વાસ + સુવિચાર + આચરણ = સફળતા


ટાઈપ સેટિંગ :
શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક
સાધના કેન્દ્ર, કોબા

મુદ્રક : ભગવતી ઑફસેટ, ૧૫/સી,
બારડોલપુરા, અમદાવાદ
ફોન : ૨૨૧૬ ૭૬૦૩



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# નૂતન વર્ષાભિનંદન

ધર્મપ્રેમી ભાઈશ્રી/બહેનશ્રી.......................................

.......................................

.......................................

આ નૂતન વર્ષે આપનું જીવન પવિત્ર, રસમય, પ્રેમમય, પ્રામાણિક અને પ્રકાશમય બની રહો!

આ નૂતન વર્ષે આપનું જીવન સદ્‌ગુણોના પરિમલથી મહેકી ઊઠો!

આ નૂતન વર્ષે આપનો જીવનરૂપી પંથ સદા સફળતારૂપી પુષ્પોથી મહેકતો રહે!

આ નૂતન વર્ષે વિષમ ઝંઝાવાતમાં પણ આપનો આત્મશ્રેયનો દીપક ઝળહળતો રહે!

આ નૂતન વર્ષે આપનો જીવનમાર્ગ પરમકૃપાળુ પરમાત્મા સરળ અને સફળ બનાવે!

આ નૂતન વર્ષે આપણે પરમાત્માએ બતાવેલા અભ્યુદયના માર્ગે પ્રયાણ આદરીએ!

આ નૂતન વર્ષે કુટુંબમાં, સમાજમાં પરસ્પર પ્રેમ, સંપ, ઐક્ય અને આનંદ વૃદ્ધિ પામો.

આ અમારી અંતરની શુભેચ્છાઓ છે.

શુભેચ્છક : .......................................

: .......................................

: .......................................

સ્થળ : .......................................



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## પ્રકાશકીય નિવેદન

દિવાળીના મંગળમય દિવસો દરમિયાન સુવિચારોના સંપુટરૂપ સાત્ત્વિક સાહિત્ય સમાજની સેવામાં સમર્પિત કરવાની પરંપરામાં નવા વર્ષની આ નવલી પચીસમી લઘુ પુસ્તિકા રજૂ કરતાં અમો પ્રસન્નતા અનુભવીએ છીએ. દિવાળીના અભિનંદનના કાર્ડ તો થોડા દિવસોમાં જ પસ્તીમાં જાય, જ્યારે આ સાંસ્કૃતિક અને સાત્ત્વિક સાહિત્ય આપના કુટુંબના નાના-મોટાં સૌ સભ્યો પોતાની નવરાશે વાંચે અને વાગોળે. વર્તમાનકાળમાં જેનો ઘણો દુકાળ વર્તે છે તેવા માનવતાવાદના પાયારૂપ ગણી શકાય તેવા સેવાભાવ, શાંતિ, સ્નેહ, સહકાર, સર્વધર્મસમભાવ, કૌટુંબિક વાત્સલ્ય, પ્રેમ, સરળતા, વિનયાદિ ગુણો કેળવવાની પ્રેરણા પામીને આપણે સૌ એક વિશાળ રાષ્ટ્રરૂપી કુટુંબના પ્રેમાળ સભ્યરૂપે આપણું વ્યક્તિત્વ કેળવીએ. આમ કરીશું તો વ્યક્તિ અને સમષ્ટિને સાંસ્કૃતિક, શૈક્ષણિક, આધ્યાત્મિક, આર્થિક અને નૈતિક વિકાસ સાધવામાં સરળતા પડશે એમ અમારું માનવું છે.

આશા છે કે લક્ષ્મી કરતાં સંસ્કાર, જડવાદ કરતા અધ્યાત્મવાદ અને સ્વાર્થ કરતા પરમાર્થને અગ્રસ્થાન આપનાર ભારતીય પ્રજા તથા વિદેશી પ્રજા આ પ્રકાશનનો લાભ લઈ - તેનો સદુપયોગ કરી - સેવાભાવી કાર્યકરોનો ઉત્સાહ વધારશે.

આ પુસ્તિકાનું સુંદર સંકલન કરવા માટે જેમના સત્સાહિત્યમાંથી પ્રેરણા લીધેલી છે તે સર્વ મહાનુભાવો તથા સહયોગ આપનાર સૌ ભાઈ-બહેનોનો અમો હૃદયપૂર્વક આભાર માનીએ છીએ. સ્વ-પરકલ્યાણકારી સાહિત્યનિર્માણ, સંસ્કારઘડતર, આધ્યાત્મિક સાહિત્યના સર્વતોમુખી અધ્યયનની રુચિ તથા ચારિત્ર્યવિકાસની અમારી નીતિ, રીતિ, અને પ્રીતિમાં પ્રભુ અમને સન્નિષ્ઠ અને શક્તિશાળી બનાવો તે જ અભ્યર્થના!

**સાહિત્ય પ્રકાશન સમિતિ,**

**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા.**



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# કર વિચાર તો પામ

(૧) સત્સંગ એ આત્માનું પરમ હિતૈષી ઔષધ છે.

(૨) દયા એ જ ધર્મનું સ્વરૂપ છે. જ્યાં દયા નથી ત્યાં ધર્મ નથી.

(૩) વૈરાગ્ય એ જ અનંત સુખમાં લઈ જનાર ઉત્કૃષ્ટ ભોમિયો છે.

(૪) પરોપકાર, દયા, શાંતિ, ક્ષમા અને પવિત્રતાનું સેવન કરવું એ બહુ સુખદાયક છે.

(૫) ક્ષણભંગુર દુનિયામાં સત્પુરુષનો સમાગમ એ જ અમૂલ્ય અને અનુપમ લાભ છે.

(૬) એક ભવના થોડા સુખ માટે અનંત ભવનું અનંત દુઃખ નહીં વધારવાનો પ્રયત્ન સત્પુરુષો કરે છે.

(૭) ઉદય આવેલાં કર્મોને ભોગવતાં નવાં કર્મ ન બંધાય તે માટે આત્માને સચેત રાખવો એ સત્પુરુષોનો મહાન બોધ છે.

(૮) દેહની જેટલી ચિંતા રાખે છે તેટલી નહીં પણ એથી અનંત ગણી ચિંતા આત્માની રાખ, કારણ અનંત ભવ એક ભવમાં ટાળવા છે.

(૯) તારે દોષે તને બંધન છે એ સંતની પહેલી શિક્ષા છે. તારો દોષ એટલો જ કે અન્યને પોતાનું માનવું, પોતે પોતાને ભૂલી જવું.

(૧૦) જેમ બીજાને પ્રિય લાગે તેવી તારી વર્તણૂક કરવાનું પ્રયત્ન કરજે.

(૧૧) જેટલો વખત આયુષ્યનો તેટલો જ વખત જીવ ઉપાધિનો રાખે તો મનુષ્યત્વનું સફળ થવું ક્યારે સંભવે?

(૧૨) ઘણા ઘણા પ્રકારથી મનન કરતાં અમારો દૃઢ નિશ્ચય છે કે



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભક્તિ એ સર્વોપરી માર્ગ છે, અને તે સત્પુરુષના ચરણ સમીપ રહીને થાય તો ક્ષણવારમાં મોક્ષ કરી દે તેવો પદાર્થ છે.

(૧૩) પરમાનંદરૂપ હરિને ક્ષણ પણ ન વીસરવા એ અમારી સર્વ કૃતિ, વૃત્તિ અને લેખનો હેતુ છે.

(૧૪) ગમે તે ક્રિયા, જપ, તપ કે શાસ્ત્રવાંચન કરીને પણ એક જ કાર્ય સિદ્ધ કરવાનું છે; તે એ કે જગતની વિસ્મૃતિ કરવી અને સત્‌ના ચરણમાં રહેવું.

(૧૫) ગયેલી એક પળ પણ પાછી મળતી નથી, અને તે અમૂલ્ય છે, તો પછી આખી આયુષ્યસ્થિતિ!

(૧૬) મનુષ્ય અવતાર મળ્યો છે, ને સદાચાર નહીં સેવે, તો પસ્તાવાનું થશે.

(૧૭) ક્રોધ, માન, માયા, લોભ એ ખરેખરાં પાપ છે. તેનાથી બહુ કર્મ ઉપાર્જન થાય.

✍ **શ્રીમદ્ રાજચંદ્રજી**

# પ્રોત્સાહન

*પ્રોત્સાહન આપો, અલ્પશક્તિવાળા પણ મહાન બની જશે. હતાશ અને નિરાશ બનાવો, મહાન શક્તિવાળા પણ અલ્પશક્તિવાળા બની જશે. દાખલા તરીકે મહાભારતનો એક પ્રસંગ છે-કૃષ્ણ અર્જુનને પ્રોત્સાહન આપતા રહ્યા અને અર્જુનનો વિજય થયો. શલ્ય કર્ણને વારંવાર ટોકતો રહ્યો, હતાશ કરતો રહ્યો અને મહાન ધનુર્ધર કર્ણનો પરાજય થયો. શક્તિ હોવી એક વાત છે અને તેનો પ્રસ્ફોટ કરવો બીજી વાત છે.*

*પ્રસ્ફોટ માટે આવશ્યક છે-પ્રોત્સાહન.*

✍ **આચાર્ય મહાપ્રજ્ઞજી**



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# જીવનના રથને કેવી રીતે ચલાવીશું ?

જીવન એક એવો રથ છે કે જે કદાપિ થોભતો જ નથી, મનરૂપી પેટ્રોલથી એ ચાલે છે અને આત્મા તેનો નિયામક છે. નિયામક તેને નીચે પ્રમાણે ચલાવે તો તેને અને આજુબાજુવાળાઓને સુખ-શાંતિ-આનંદનો અવશ્ય અનુભવ થાય.

જેમના અનુગ્રહથી આ માનવરથ મળ્યો તેવા સચ્ચિદાનંદ પરમાત્માને, તેમના અનેકાનેક ગુણો જાણીને, વારંવાર ભક્તિપૂર્વક યાદ કરવા.

આપણા જેવા જ બધા મનુષ્યો, પ્રાણીઓ અને જીવજંતુઓ છે; તેથી તેમને પણ સુખ-શાંતિ મળતી રહે, તેવી રીતે આ રથને ચલાવવો. કોમળ, હિતકારી અને ખપ પૂરતી વાણી દ્વારા જ તેમની સાથે સર્વ પ્રકારે પ્રેમમય વ્યવહાર કરવો.

જીવનના પંથમાં કાંટા-કાંકરા, ખાડા-ટેકરા જેવી કઠિનાઈઓ આવશે તો પણ તેને કુશળતાથી અને શાંતભાવથી ઉકેલવી. અંતિમ ધ્યેયને લક્ષમાં રાખી આગળ વધ્યે જ જવું. આજુબાજુમાં અનેક લોભામણી લાલચો આવશે પણ તે તરફ લક્ષ ન આપતા આપણા હિતેચ્છુઓ સાથે ખપ પૂરતો સંબંધ પ્રામાણિકપણે જાળવીને જેમ **'સૌના સુખમાં મારું સુખ'** એ સૂત્ર ચરિતાર્થ થાય તેમ સાદુ જીવન, અનુભવી સજ્જનોનો સમાગમ, સદ્‌વાચન અને સદ્‌વિચારો જેવી પ્રેરક અને હિતકારી સામગ્રીને આત્મસાત્ કરીને આગળ ધપે જવું. કોઈ પણ દુઃખી-રોગી-ભૂખ્યાં-તરસ્યાં-વૃદ્ધ-ચિંતાગ્રસ્ત દેખાય તો થોડું થોભીને, તેમને યથાયોગ્ય સહાય અવશ્ય કરવી.

અંતિમ મંજિલ તે પરમાત્મદર્શન છે. ત્યાં સુધી પહોંચવાનો જ અડગ નિર્ધાર કરવો. વચ્ચે કામ, ક્રોધ, નિંદા, અભિમાન જેવા ચોર,



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બહારવટિયા તથા ઠગ આવે તેમજ થાક, ઊંઘ, કંટાળો આવે તો પણ હિતેચ્છુ અને અનુભવીઓની આજ્ઞાને અનુસરીને આગળ ધપતા જવું. મુસાફરી લાંબી છે તેથી યોગ્ય સંગતિ અને યોગ્ય ભાથું તથા જાગૃતિરૂપ ઓજાર પણ સાથે રાખવાં, જેથી શિષ્ટ મનોરંજનથી એકલાપણું ન લાગે અને રથમાં કાંઈ ખામી થાય તો તેનું સમારકામ કરી શકાય.

શ્રદ્ધા, વિવેક, ધીરજ અને ખંતથી આગળ વધીશું તો વહેલો-મોડો રથ પરમાત્માના ધામમાં પહોંચી જશે; જ્યાં કોઈ ચિંતા, રોગ, ત્રુટિ કે ભય નથી. માત્ર આનંદ અને પરમાનંદ જ છે.

ચાલો, વિના વિલંબે જીવનરથને આ રીતે આગળ ધપાવીએ.

**✍ પરમ શ્રદ્ધેયશ્રી આત્માનંદજી (કોબા)**

## માનવતા

બજારમાં હજારો પ્રકારનો માલ વેચાય છે. આ વેચાતા માલ ઉપર લેબલ પણ હોય છે. લેબલ માલની ઓળખ કરાવે છે. પણ લેબલ પોતે માલ નથી. જૈન, હિન્દુ, ખ્રિસ્તી વગેરે ભિન્ન ભિન્ન લેબલવાળા ધર્મોની પહેલાં પણ એક તત્ત્વ છે - તે છે માનવતા.

સંધ્યા કરો કે સામાયિક કરો, નમાજ પઢો કે પ્રાર્થના કરો. એ બધાથી જીવનમાં માનવતાનો વિકાસ કરવાનો છે.

માનવતા એટલે મારો જેવો આત્મા છે તેવો જ આત્મા બીજાનો પણ છે. મને સુખ પ્રિય છે; દુઃખ ગમતું નથી, તેમ બીજાને પણ સુખ પ્રિય છે અને દુઃખ ગમતું નથી. આથી હું એવી રીતે જીવું કે મારા જીવનવ્યવહારથી કોઈને પણ દુઃખ ન થાય અને સૌને સુખ-શાંતિ અને આનંદ મળે.

આવો આત્મભાવ, આવી માનવતા જે વિકસાવે છે તે ધર્મ છે. તેવો ધર્મ સૌએ આરાધવો જોઈએ.

**✍ આચાર્ય શ્રી પદ્મસાગરસૂરિશ્વરજી**



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# "આજનો લહાવો લીજીએ રે, કાલ કોણે દીઠી છે!"

લગ્ન વગેરેના શુભ પ્રસંગોમાં મહાલવાની એટલે કે સારું સારું ખાવાની, સારાં સારાં કપડાં તેમજ ઘરેણાં વગેરે પહેરવાની અને બધાને મળીને આનંદ કરવાની તક કોઈક જ વખત મળતી હોય છે એટલે તે વખતે બહેનો ગાય છે,

*"આજનો લહાવો લીજીએ રે,*
*કાલ કોણે દીઠી છે!"*

વાત કંઈક અંશે સાચી પણ છે. પરંતુ આના કરતાં ઘણો મોટો લહાવો આપણને આ મનુષ્યભવ દ્વારા મળ્યો છે. એનો લહાવો લેવાનું આપણને સૂઝતું નથી એ એક મહાન આશ્ચર્ય છે. ચાલો, જોઈએ અત્યારે આપણને શું શું મહાલવાનું મળ્યું છે!

- અબજો અબજો વર્ષોના કાળચક્રમાં જીવને મનુષ્યના ભવ વધારેમાં વધારે ૪૮ મળે છે-જે આપણને મળ્યો છે.
- ૪૮ ભવમાંથી લગભગ અઢારેક ભવ ભોગભૂમિમાં જાય, એમાં ધર્મ થઈ શક્તો નથી. બાકી રહેલા ત્રીસેક ભવ કર્મભૂમિમાં મળે-જે આપણને મળ્યો છે.
- કર્મભૂમિમાંની વ્યવસ્થા મુજબ એના છ ભાગ છે. એમાંથી પાંચ અનાર્યખંડ છે તેમાં ધર્મ થઈ શક્તો નથી, ફક્ત આર્યખંડમાં જ ધર્મ થઈ શકે છે. તેમાં તો લગભગ પાંચેક ભવ જ મળે છે-જે આપણને મળ્યો છે.
- આર્યખંડમાં પણ મોટા ભાગમાં ષટ્કાળ પરિવર્તન હોય છે. એનાં પહેલા, બીજા, ત્રીજા કે છઠ્ઠા કાળમાં ધર્મ થઈ શક્તો નથી. ફક્ત



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચોથા અને પાંચમા કાળમાં જ ધર્મ થઈ શકે છે. આવા તો એક-બે ભવ જ મળે. આપણો અત્યારે પાંચમા કાળમાં જન્મ થયો છે. જરા વિચારો, કેવો લહાવો મળ્યો છે! એમાં પણ નીચે જણાવી છે તેવી અનુકૂળતાઓ તો મળે તો મળે, આપણને તેમાંની ઘણી મળી છે.

- ઉત્તમ દેશમાં જન્મ. ભારત જેવા ધર્મમય દેશમાં જન્મ થયો છે.
- ઉત્તમ કુળમાં જન્મ-ધર્મ કરવાની અનુકૂળતા મળે તેને ઉત્તમ કુળ કહે છે. તે પણ આપણને મળ્યું છે.
- અહીં જન્મીને નાની ઉંમરે જ મરી જાય તો બધું નકામું. એટલે આપણને દીર્ઘ આયુષ્ય મળ્યું છે, એ જેવો તેવો લહાવો નથી.
- નીરોગી શરીર. કોઈ ભયંકર રોગથી ઘેરાયેલા હોઈએ તો પણ ધર્મ ન થાય.
- આર્થિક અનુકૂળતા. કમાવા માટે સવારથી સાંજ સુધી કામ કરીને થાકી જવાતું હોય તો પણ ધર્મ ન થઈ શકે.
- પરિવારની અનુકૂળતા. જે ઘરમાં ઝગડા થતા હોય કે પતિ-પત્ની બેમાંથી એકને ધર્મ ન ગમતો હોય તોય ધર્મ ન થઈ શકે.
- વ્યસનોમાંથી મુક્તિ. નાનપણથી દારૂ જેવા કોઈ વ્યસનોની લત લાગી હોય તોય ધર્મ ન થઈ શકે.
- કસાઈ જેવાને ઘેર જન્મ થયો હોય તો ધર્મનો વિચાર પણ ન આવે.
- સજ્જન પુરુષોની સોબત મળી હોય તો જ ધર્મ કરવાના વિચાર આવે.
- દયામય ધર્મ અને સર્વ જીવોનું શુભ થાઓ એવી ભાવનાવાળો ધર્મ મળ્યો હોય તો જ સાચું આત્મકલ્યાણ થઈ શકે.

આ બધું જાણ્યા પછી, આજે મળેલા આત્મકલ્યાણ કરવાના લહાવામાં મહાલવાનું ચૂકશો ખરા? કાલે શું થશે તેની શી ખબર?

✍ **શ્રી મણિભાઈ જ. શાહ**



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# યુધિષ્ઠિરનું વેશપરિવર્તન

મહાભારતનું ભીષણ યુદ્ધ ખેલાઈ રહ્યું હતું. કૌરવો અને પાંડવો કુરુક્ષેત્રના મેદાનમાં પોતાના સાથીઓ સાથે સંગ્રામ ખેલતા હતા. મહાભારતના યુદ્ધનો એક નિયમ હતો કે દિવસભર યુદ્ધ ખેલવું, પણ સૂર્યાસ્ત થાય ત્યારે યુદ્ધ સમાપ્ત કરી દેવું.

આવી રીતે આખો દિવસ યુદ્ધના મેદાનમાં ઝઝૂમ્યા પછી યુધિષ્ઠિર સૂર્યાસ્ત થયા બાદ વેશપલટો કરીને કુરુક્ષેત્રની રણભૂમિ પર જતા હતા અને રણમેદાનમાં ચીસો પાડતા અને ઘાયલ થયેલા સૈનિકોની સેવા કરતા હતા.

એક દિવસ એમના લઘુબંધુ સહદેવની નજર પડી. સહદેવે યુધિષ્ઠિરને વેશપરિવર્તન કરતા જોયા. એણે સંકોચ સાથે પૂછ્યું,

"ભ્રાતાશ્રી, આપ આ શું કરો છો ? શા માટે રૂપ બદલો છો ? આખી પ્રજા આપના જેવા સત્યનિષ્ઠ થવાનું વિચારે છે અને આપ કેમ વેશપલટો કરો છો ?"

યુધિષ્ઠિરે જવાબ આપ્યો, "આ રીતે વેશપલટો કરીને હું રોજ રાત્રે કુરુક્ષેત્રના મેદાનમાં જાઉં છું."

સહદેવે અપાર આશ્ચર્યથી પૂછ્યું, "કુરુક્ષેત્રના મેદાનમાં ? સૂર્યાસ્ત સમયે યુદ્ધનો અંત આવે છે, તો પછી એ યુદ્ધના મેદાનમાં જવાનું પ્રયોજન શું ?"

યુધિષ્ઠિરે કહ્યું, "યુદ્ધના મેદાનમાં ઘાયલ સૈનિકોની સેવા-સુશ્રૂષા માટે જાઉં છું."

"પણ આવું કરો છો શા માટે ? ત્યાં તો શત્રુના સૈનિકો પણ હોય ને ?"

યુધિષ્ઠિરે કહ્યું, "સહદેવ, દુઃખી અને પીડિત હોય ત્યાં શત્રુ અને



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મિત્રનો ભેદ ન હોય. બધા જ સમાન છે. સેવા એ જ સહુથી મહાન છે."

સહદેવે પ્રતિપ્રશ્ન કર્યો, "સેવા કરવાના ક્યાં ઓછાં ક્ષેત્રો છે ? આપ આખો દિવસ યુદ્ધ ખેલીને ખૂબ થાકી ગયા હો છો. જેમનો દિવસે યુદ્ધના મેદાનમાં સંહાર કરવાનો વિચાર કર્યો હોય એવા શત્રુઓના સૈનિકોની રાત્રે સેવા કરવાની હોય ?"

યુધિષ્ઠિરે કહ્યું, "સહદેવ, ભલે આપણે યુદ્ધ ખેલતા હોઈએ, એકબીજાને પરાસ્ત કરવા માટે અથાગ પ્રયત્ન કરતા હોઈએ, પરંતુ યુદ્ધમાં પણ ધર્મની મર્યાદાનું પાલન કરવું જોઈએ. **માનવસેવા એ જ માનવીનો સૌથી મોટો ધર્મ છે."**

સહદેવ યુધિષ્ઠિરના ઉદાત્ત હૃદયની ભાવનાને મનોમન વંદન કરવા લાગ્યો. એક શંકા જાગતા એણે સવાલ કર્યો,

"આ બધું તો બરાબર, કિંતુ તમે વેશપલટો કરીને શા માટે ઘાયલોની સેવા કરવા જાઓ છો ?"

યુધિષ્ઠિરે કહ્યું, "જો હું વેશ બદલું નહીં, તો સૈનિકો મારી સેવા સ્વીકારે નહીં. હું સેવા કરવા જાઉં તો તેઓ ઈન્કાર કરે અને મારી સેવા લેતા અપાર શરમ અને સંકોચ અનુભવે, આથી હું વેશપલટો કરું છું."

યુધિષ્ઠિરની ભાવનામાં સેવાનો પરમ આદર્શ સહદેવ નિહાળી રહ્યો.

**✍ ડૉ. શ્રી કુમારપાળ દેસાઈ**

## વારસો ધનનો કે ધર્મનો ?

તમે તમારા સંતાનોને ધનનો વારસો આપી જવાની કેટલી બધી કાળજી રાખો છો! તે માટે તમે કેટલા કષ્ટો વેઠો છો! પણ એવી જ કાળજી તેમને ધર્મનો વારસો આપી જવાની ખરી? ધન તો આ લોકમાં જ કદાચ ઉપકારી બની શકશે, ધર્મ તો નિશ્ચિતપણે આ ભવ અને પરભવમાં ઉપકાર કરનારો છે. માટે ધન કરતાં પણ ધર્મનો વારસો કીમતી છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ઈશ્વર સાથે વાર્તાલાપ

દક્ષિણ ભારતના તમિલનાડુ રાજ્યના રામનાડ જિલ્લામાં આવેલા તિરુચ્ચુળીમાં જન્મેલા વેંકટરમણને સોળમા વર્ષે આત્મજાગૃતિ આવી. સાંસારિક બાબતોમાં વૈરાગ્યનો અનુભવ થતાં ગૃહત્યાગ કરીને અરુણાચલ પર ધ્યાનસાધના કરવા લાગ્યા. એ પછી આસપાસની ટેકરીઓ અને પર્વતની ગુફામાં વેંકટરમણને સમાધિ સહજ થતી ગઈ. ગણપતિ શાસ્ત્રી નામના એમના શિષ્યે એમને વેંકટરમણને બદલે રમણ મહર્ષિ એવા નામથી ઓળખાવ્યા.

આ રમણ મહર્ષિએ વેદાંતના અદ્વૈત સિદ્ધાંત દ્વારા જ્ઞાન, ભક્તિ અને યોગનો સુભગ સમન્વય સાધ્યો. પરંતુ એમની આ આધ્યાત્મિકતા, ભૌતિકતામાં ડૂબેલા એમના કેટલાક વિરોધીઓથી સહન થઈ નહિ. એમણે રમણ મહર્ષિ પાસે આવીને કહ્યું, "હવે તમારો દંભ ઓછો કરો. આત્મસ્વરૂપને જોવા, જાણવા માટે અખંડ સાધનાની વાત કરો છો પણ તમારી સાધના સાવ ખોટી છે. તમે ભોળા લોકોને ભ્રમિત કર્યા છે. બધા કહે છે કે તમને પ્રભુનો સાક્ષાત્કાર છે અને એની સાથે તમે પ્રતિદિન ત્રણ-ત્રણ કલાક વાતો કરો છો. જરા બતાવશો ક્યાં છે તમારો પ્રભુ ?"

અરુણાચલના આ મહાન સંત શાંત રહ્યા. એમની આસપાસ ઉપસ્થિત શિષ્યો અકળાયા હતા. પરંતુ ગુરુના ચહેરા પરની શાંતિ જોઈને તેઓ મૌન રહ્યા.

ફરી વાર પેલા આગંતુકે મોટા અવાજે ધમકી આપતો હોય તેમ કહ્યું, "તારી ભક્તિ અને ઈશ્વરની વાતો અમને મૂર્ખ નહિ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બનાવી શકે. બતાવ તારા ભગવાનને, નહિ તો સ્વીકાર કર તારા ઢોંગને. કહે કે ભલીભોળી પ્રજાને આંતરિક સ્વરૂપનો સાક્ષાત્કાર કરવાની વાતો કરીને તું ખોટે માર્ગે વાળે છે!"

રમણ મહર્ષિએ કહ્યું, "ભાઈ, તારે ભગવાન જોવા છે ને ? તું આવતીકાલે સવારે આવજે. હું તને નજરોનજર બતાવીશ"

બીજે દિવસે વહેલી સવારે રમણ મહર્ષિના ટીકાકારો હાજર થઈ ગયા. એમને કંઈ પરમાત્મામાં રસ નહોતો, પણ મહર્ષિની પોકળતા ખુલ્લી પાડવાનો આનંદ મેળવવો હતો.

રમણ મહર્ષિ ગુફામાંથી બહાર આવ્યા અને ટીકાકારોને એમની સાથે આવવા કહ્યું. તેઓ એક ઘનઘોર જંગલમાં ઝૂંપડી પાસે આવીને ઊભા રહ્યા અને એના અંધારિયા ખૂણા તરફ અંગુલિનિર્દેશ કર્યો. એક ટીકાકાર તો બોલી ઊઠ્યો, "શું આ ઝૂંપડીના અંધકારમાં ભગવાન રહે છે ?"

રમણ મહર્ષિએ કહ્યું, 'હા, તમે મારી સાથે ચાલો.' અંદર ગયા તો એક તૂટેલા ખાટલા પર રક્તપિત્તથી ગ્રસિત વૃદ્ધ દંપતી સૂતું હતું. રમણ મહર્ષિએ એમના શરીરને સાફ કર્યું. પાટાપિંડી કર્યાં. વસ્ત્રો બદલાવ્યા.

ટીકાકારો તો સ્તબ્ધ બનીને આ બધું જોઈ રહ્યા. આ બધું કામ કરવામાં રમણ મહર્ષિને ત્રણેક કલાક લાગી ગયા. એમણે હસતે મુખે ટીકાકારોને કહ્યું, "આ છે મારો પ્રભુ સાથેનો રોજનો ત્રણ કલાકનો વાર્તાલાપ."

ટીકાકારોની આંખ ઊઘડી ગઈ અને એમણે રમણ મહર્ષિની ક્ષમા માગી.

✍ **ડૉ. પ્રીતિબેન શાહ**



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# કુમારપાળના આંસુ

કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય કાળધર્મ પામ્યા એ વાત વાયુવેગે સમગ્ર પાટણમાં ફેલાઈ ગઈ !

આચાર્યની સ્મશાનયાત્રામાં હજારો માણસો જોડાયા; જેમાં હેમચંદ્રાચાર્યના પરમ અનુયાયી તથા ભક્ત ગૂર્જરેશ્વર કુમારપાળ પણ હતા.

જ્યારે ચંદનના કાષ્ઠમાં અગ્નિ પ્રગટ્યો અને હેમચંદ્રાચાર્યનો પાર્થિવ દેહ બળવા લાગ્યો ત્યારે કુમારપાળની આંખો આંસુથી છલકાઈ ગઈ અને તેઓ એક નાના બાળકની માફક રડવા લાગ્યા !

આ જોઈ રાજ્યના મહામંત્રીએ કહ્યું, "રાજન! આપને તે રડવાનું હોય ? આપ તો રોજ કહેતા હતા કે દેહ નશ્વર છે અને આત્મા અમર છે. આવું કહેનાર આપ આચાર્યનો નશ્વર દેહ જતાં શા માટે રડો છો ? આત્માને અમર માનનાર આમ મૃત્યુ પર આંસુ સારે ?"

કુમારપાળે મહામંત્રીને કહ્યું, "તમે મારા રુદનનું કારણ સમજ્યા નથી. હું આચાર્યના મૃત્યુને નથી રડતો !"

'તો શા કારણે રડો છો ?' મહામંત્રીએ પ્રશ્ન કર્યો.

કુમારપાળે પોતાના રુદનનું કારણ દર્શાવતાં કહ્યું, "મહામંત્રી ! હું આચાર્યના મૃત્યુને નહિ, પણ મારા દુર્ભાગ્યને રડું છું."

'એટલે'

"સાંભળો! હું રાજા છું અને જૈન મુનિ માટે રાજ્યપિંડ (રાજાના ઘરની ભિક્ષા) ત્યાજ્ય ગણાય છે. જૈન મુનિને રાજ્યપિંડ લેવાનો નિષેધ છે. જો હું રાજા ન હોત તો આચાર્ય મારે ઘેર વહોરવા



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પધાર્યા હોત ! પણ હું રાજા ઠર્યો એટલે આચાર્ય કદી મારે ત્યાં વહોરવા પધાર્યા નહિ. તેમને વહોરાવાને હું અપાત્ર જ રહ્યો. મને થાય છે કે શા માટે મેં રાજ્યત્યાગ ન કર્યો ? જો એમ કર્યું હોત તો તેઓ મારે ત્યાં વહોરવા પધાર્યા હોત ! મારું તે આ કેવું દુર્ભાગ્ય કે હું રાજા બન્યો! હું મારા આવા દુર્ભાગ્ય પર આંસુ સારી રહ્યો છું."

હવે બધાને કુમારપાળના રડવાનું કારણ સમજાયું.

**સંકલન : શ્રી ખુશમનભાઈ સી. ભાવસાર**

## ચિંતા દૂર કરવાના ઉપાયો

(૧) તમને શેની ચિંતા સતાવે છે અને તેનું મુખ્ય કારણ શું છે તેનો શાંતિથી વિચાર કરો અને જો ચિંતા કાલ્પનિક હોય તો તેનો વિચાર જ છોડી દો.

(૨) લોકોના વર્તન માટે ઉદાર બનતાં શીખો અને તેમની ટીકાઓને રચનાત્મક રીતે અપનાવો.

(૩) અગત્યની અને સાચી સમસ્યા હોય તો તેના નિરાકરણ માટે પ્રયત્ન કરો.

(૪) સંગીત, ચિત્રકામ જેવા શોખ કે કાર્યમાં મન પરોવો.

(૫) શક્તિ બહારનું કામ હાથ પર ન લો. જે વચનો પાળી શકાય તેમ ના હોય તેવા વચનો ના આપો.

(૬) આનંદી અને હકારાત્મક વિચારો ધરાવતી વ્યક્તિઓને મિત્રો બનાવો.

(૭) ચિંતા અને તનાવને ભૂલવા વ્યસનોના શિકાર ન બનાય તેની સાવચેતી રાખો.

(૮) ભગવાન પર ખૂબ જ શ્રદ્ધા રાખો. રોજ બે વખત પ્રભુને હૃદયપૂર્વક પ્રાર્થના કરો.

(૯) તમારું દરરોજનું કાર્ય ખૂબ જ પ્રેમથી અને આનંદ સાથે પાર પાડતા શીખો.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# સમ્યક્ અભિપ્સા

નૂતનવર્ષના નવલા પ્રભાતે મંગલમયતાની પ્રાર્થના સાથે નૂતન વર્ષાભિનંદન.

માનવી સુખની શોધ બહાર કરી રહ્યો છે. જગતના પદાર્થોમાંથી સુખ મળશે એમ મિથ્યા કલ્પનાથી બહારના સંયોગોનું પરિવર્તન કર્યા કરે છે. આધિ-વ્યાધિ-ઉપાધિમાંથી મુક્ત થવા બાહ્ય સામગ્રી એકઠી કરે છે તેમજ સુખની ભ્રાન્તિમાં જીવે છે અને ઈશ્વરદર્શનની અભિપ્સા રાખે છે. આ અભિપ્સા છીપમાં ચાંદીની ભ્રાંતિ સમાન છે. આવી દશામાં જીવતી એક વ્યક્તિ ઈશ્વરદર્શનની અભિપ્સા સેવે છે. નગરથી દૂર આશ્રમસ્થિત સંત પાસે જાય છે અને કહે છે, "ગુરુદેવ! મારે ઈશ્વરદર્શન કરવા છે. આપના સાન્નિધ્યમાં મને ઈશ્વરદર્શન કરાવો." સંતપુરુષ મૌન સેવે છે. તે વ્યક્તિને આશ્રમનું પ્રાંગણ સાફ કરવાનું કહે છે. તે આશ્રમનું પ્રાંગણ સાફ કરે છે. પછી વૃક્ષોને જળસિંચનનું કાર્ય સોંપે છે. તે પણ તે કરે છે. તે વ્યક્તિને વિચાર આવે છે કે ઈશ્વરદર્શનમાં જપ-તપ-ધ્યાન વગેરે આવે, છતાં ગુરુજી આ અંગે કાંઈ કહેતા નથી!

સાયંકાલનો સમય આવી જાય છે ત્યારે સંત, પાસે વહેતી નદી પાસે તે વ્યક્તિને લઈ જાય છે. સંત નદીમાં સ્નાન માટે પ્રવેશે છે. પેલી વ્યક્તિને પણ સ્નાનાર્થે બોલાવે છે. સંત નદીના પ્રવાહમાં સહેજ આગળ જાય છે અને વ્યક્તિને પોતાની સમીપ બોલાવે છે. પછી સંત તે વ્યક્તિના મુખને પકડી નદીના પ્રવાહમાં ડૂબાડી દે છે. પેલી વ્યક્તિનો શ્વાસ રુંધાય છે અને પાણીની બહાર આવવા તલપાપડ થાય છે. તાલાવેલી બહાર નીકળવાની છે, પણ સંત થોડીવાર પાણીમાં જ મુખને ડૂબાડેલું રાખે છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વ્યક્તિ જીવવાની આશા છોડી દે છે. સંત તેના મુખને પાણીમાંથી બહાર લાવે છે. વ્યક્તિ હા......શ..... અનુભવે છે. ત્યારે સંત સમાધિભાષામાં કહે છે, "ભાઈ ! ઈશ્વરદર્શન માટે સમ્યક્ અભિપ્સા જોઈએ. જેમ પાણીમાંથી બહાર નીકળવાની તને તાલાવેલી હતી તેવી ઈશ્વરદર્શન માટે તાલાવેલી જોઈએ. બાહ્ય સામગ્રી સાથે અંતરલગાવ હોય અને ઈશ્વર-દર્શન થાય તે શક્ય નથી. સમ્યક્ અભિપ્સાથી ઈશ્વરદર્શન થઈ શકે." પેલી વ્યક્તિ સંતના ચરણોમાં પડી જાય છે.

**✍ પ્રા. ચંદાબહેન વી. પંચાલી**

## નિયમપાલન

ક્રાંતિકારી રામપ્રસાદ બિસ્મિલને જે દિવસે ફાંસી આપવાની હતી તે દિવસે તેઓ સવારે વહેલા ઊઠીને વ્યાયામ કરી રહ્યા હતાં. જેલ અધિક્ષકે પૂછ્યું કે આજે તો તમને એક કલાક પછી ફાંસી આપવાની છે, તો પછી વ્યાયામ કરવાથી શો લાભ ? તેમણે જવાબ આપ્યો કે જીવન આદર્શો અને નિયમોથી બંધાયેલું છે. જ્યાં સુધી શરીરમાં શ્વાસ ચાલે છે ત્યાં સુધી વ્યવસ્થામાં ફરક લાવવો બરાબર નથી.

લોકો તો થોડી તકલીફ આવતાં જ દિનચર્યા અને વ્યવસ્થા અસ્તવ્યસ્ત કરી દે છે. જ્યારે બિસ્મિલજીએ મરણના અંતિમ તબક્કામાં પણ સમયપાલન, નિયમિતતા અને ધૈર્ય જેવા ગુણોનું પાલન કર્યું હતું.

**✍ ડૉ. જિતેન્દ્રભાઈ શાહ**

## કોડિયું

**છો ને હું ના કનકદીવડી, કોડિયું માટીનું થૈ,**<br>**અજવાળું કો ગરીબ ગૃહનું, તોયે મારે ઘણુંયે !**



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# સમયનું મૂલ્ય

**"ટીક ટીક કરતી ઘડી સભીકો, માનો યહ સીખલાતી હૈ,**
**કરના હૈ સો જલ્દી કર લો, ઘડી બીતતી જાતી હૈ."**

Time and tide wait for none. સમય એ અત્યંત મૂલ્યવાન છે. સમયનો પ્રવાહ અવિરતપણે વહ્યે જ જાય છે. મનુષ્યભવની એક એક ક્ષણ લાખેણી છે. કરોડો ઉપાય કરવા છતાં વીતેલી એક ક્ષણ પણ પાછી મેળવી શકાતી નથી. જે સમયને બરબાદ કરે છે, સમય તેને બરબાદ કરી નાખે છે. સમયનો સદુપયોગ કરનાર જીવન જીતી જાય છે, કારણ કે જીવન એ સમયનું બનેલું છે. આપણે દિન-પ્રતિદિન મૃત્યુના મુખમાં જઈ રહ્યા છીએ-આવું જાણીને પોતાને મળેલ સુવર્ણ અવસરનો સદુપયોગ કરનાર કોઈક વિરલ છે!

ભગવાન મહાવીર, ગૌતમસ્વામી જેવા ગણધરને કહેતા, **'समयं गोयम मा पमाए ।'** અર્થાત્ સમયમાત્રનો પણ પ્રમાદ કરીશ નહિ. મનુષ્યભવ, આર્યદેશ, આર્યકુળ, ઈન્દ્રિયોની પૂર્ણતા, પૂર્ણ આયુષ્ય, પરિવારની અનુકૂળતા, સત્સંગ કે સત્પુરુષનો યોગ, ધર્મમાં શ્રદ્ધા-આ બધી સામગ્રી અબજો વર્ષો પછી પણ મળવી દુર્લભ છે!

**મહાત્મા ગાંધીજીના આધ્યાત્મિક માર્ગદર્શક શ્રીમદ્ રાજચંદ્રજી જણાવે છે, "ચક્રવર્તીની સમસ્ત સંપત્તિ કરતાં પણ જેનો એક સમયમાત્ર પણ વિશેષ મૂલ્યવાન છે એવો આ મનુષ્યદેહ અને પરમાર્થને અનુકૂળ એવા યોગ સંપ્રાપ્ત છતાં જો જન્મમરણથી રહિત**



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એવા પરમપદનું ધ્યાન રહ્યું નહીં તો આ મનુષ્યત્વને અધિષ્ઠિત એવા આત્માને અનંતવાર ધિક્કાર હો!''

જીવનની પ્રત્યેક પળનો સદુપયોગ કરવાથી વ્યવહારિક તેમજ આધ્યાત્મિક ક્ષેત્રમાં પ્રગતિ કરી શકાય છે. દુનિયામાં ઉચ્ચ ક્ષેત્રોમાં સિદ્ધિના સોપાનો સર કરનારાઓના જીવનનું નિરીક્ષણ કરીએ તો આપણને અવશ્ય જાણવા મળશે કે તેઓએ પોતાને મળેલ અમૂલ્ય સમયનો સદુપયોગ કર્યો છે. કહેવાય છે કે યુદ્ધ દરમિયાન નેપોલિયન પોતાના સેનાપતિને સૂચના અને પ્રેરણા આપવા જતો ત્યારે તે ઘોડા પર ઊંઘ લઈ લેતો! નાની ઉંમરથી જ આપણે ધર્મના સંસ્કાર દઢ કરી લેવા જોઈએ અને બાળકોને વારસામાં માત્ર ધન નહિ, ધર્મ પણ આપવો જોઈએ. પારકી પંચાતમાં, નકામી વાતોમાં, આર્ત્ત-રૌદ્ર ધ્યાનમાં આપણો સમય બગડે નહિ તેની કાળજી રાખવી જોઈએ. આ નૂતન વર્ષે આપણે ખોટી રીતે સમયને બરબાદ નહિ કરવાનો સંકલ્પ કરીશું ને ?

આપણા સૌનું જીવન પવિત્ર, પ્યારું, ન્યારું, ન્યાયી, નીતિમય, સફળ, સુખી, ધર્મમય અને સદ્‌ગુણોના પરિમલથી મહેકતું બને તેવી પ્રભુને પ્રાર્થના.

**શ્રી મિતેશભાઈ એ. શાહ**

## પાપનું કુટુંબ

| | |
|---|---|
| પાપનો બાપ લોભ. | પાપની માતા હિંસા. |
| પાપની પત્ની માયા. | પાપનો પુત્ર અહંકાર. |
| પાપની પુત્રી તૃષ્ણા. | પાપની બહેન કુમતિ. |
| પાપનો ભાઈ જૂઠ. | પાપનું મૂળ અજ્ઞાન. |



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# નાની ઘટનાનું પ્રાબલ્ય

એક નાની એવી ઘટના પણ મનુષ્યના જીવનમાં કેવું જબરું પરિવર્તન લાવે છે તેનું ઉદાહરણ મહાત્મા ગાંધીજીના જીવનમાં જોવા મળે છે.

દક્ષિણ આફ્રિકામાંથી હિન્દુસ્તાન પાછા ફર્યા બાદ કેટલાક સમય પછી ગાંધીજી ભારતના લોકોની સ્થિતિ કેવી છે તે જોવા-જાણવા ભારતની યાત્રાએ નીકળ્યા હતા.

આ યાત્રા દરમિયાન તેમને ભારતની ગરીબાઈનું સાચું દર્શન થવા પામ્યું. ભારત ગરીબીમાં સબડી રહ્યો છે એ વાતની તેમને હવે દૃઢ પ્રતીતિ થવા લાગી. તેઓ ભારતયાત્રા કરી રહ્યા હતા ત્યારે એક દિવસ એક સ્ત્રી ગાંધીજીના દર્શને આવી. ગાંધીજીએ એ સ્ત્રી તરફ જોયું.તેનાં વસ્ત્રો ફાટી ગયેલાં અને ખૂબ મેલાં હતાં. ગાંધીજીને થયું કે આળસને કારણે આ બાઈ કપડાં સાંધતી નહિ હોય અને ધોતી પણ નહિ હોય! સ્વચ્છતાના આગ્રહી ગાંધીજીએ એ બાઈને કહ્યું,

"બહેન ફાટેલાં અને મેલાં કપડાં ન પહેરાય! તું તારા કપડાં કેમ ધોતી નથી કે સાંધતી નથી ? આમાં આળસ ન કરવી જોઈએ."

બાઈ કશું બોલી નહિ. તેણે પોતાનું માથું નીચું ઢાળી દીધું.

છેવટે બાઈએ હિંમત એકઠી કરીને ગાંધીજીને કહ્યું, "બાપુ! મારી પાસે આ સિવાય બીજું એક પણ વસ્ત્ર નથી કે જે પહેરીને હું આ વસ્ત્ર ધોઈ શકું !"

આ વાત સાંભળતાં જ ગાંધીજીનું હૃદય જાણે રડી પડ્યું.

ભારતમાં આવી કારમી ગરીબી ઘર કરી બેઠી છે એનું એ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દિવસે તેઓને પ્રત્યક્ષીકરણ થયું અને એ જ ઘડીએ ગાંધીજીએ મનમાં એક દૃઢ પ્રતિજ્ઞા લીધી કે, જ્યાં સુધી દેશને સ્વરાજ્ય મળે નહિ અને ગરીબોને આબરૂ ઢાંકવા પૂરતાં કપડાં પ્રાપ્ત થાય નહિ ત્યાં સુધી હું આ બધા વસ્ત્રનો ત્યાગ કરીને માત્ર પોતડી જ ધારણ કરીશ.

આવી એક નાની સરખી ઘટનાએ ગાંધીજીમાં એવું પરિવર્તન લાવી મૂક્યું કે તેઓ જિંદગીભર પોતડીભેર જ રહ્યાં.

## ક્રોધ કરવો નહિ

એક સૈનિકે એક સંતને પ્રશ્ન કર્યો, "સ્વામીજી! સ્વર્ગ અને નરક છે ?" સંતે સામો પ્રશ્ન કર્યો, "તું કોણ છે ?"

'હું સૈનિક છું....'

"અરે! તારું મુખ તો ભિખારી જેવું છે. તને સૈન્યમાં પ્રવેશ કોણે આપ્યો ?"

સંત પાસેથી આ જવાબ સાંભળીને સૈનિકનો મિજાજ ગયો. તેનો હાથ તલવારની મ્યાન ઉપર ગયો. પરંતુ તેથી તો સંત ખડખડાટ હસી પડ્યા અને બોલ્યા, "ભાઈ! તારી તલવાર તારા જેવી જ બુઠ્ઠી છે."

બીજી વારના આવા ઉદ્ધત વાક્યથી સૈનિકનો ગુસ્સો ખૂબ વધી ગયો. તેણે તરત જ મ્યાનમાંથી તલવાર બહાર ખેંચી કાઢી.

તરત જ સંત બોલી ઊઠયા, "જો... તારું આ વર્તન જ નરકમાં જવાનો દરવાજો છે."

સંતની નિર્ભયતા જોઈને પેલો સૈનિક તો દંગ જ થઈ ગયો.

તેણે તરત જ તલવારને મ્યાન કરી.

હવે સંતે તેને કહ્યું "ભાગ્યશાળી! અત્યારનું તારું આ વર્તન એ જ સ્વર્ગનો દરવાજો છે."

"સ્વામીજી, આપ શું કહેવા માગો છો ?" સ્વસ્થતાપૂર્વક સૈનિકે પૂછતાં સંત બોલ્યા, "ક્રોધ એ નરકમાં લઈ જનાર છે. ક્ષમા એ સ્વર્ગમાં લઈ જનાર છે."

✍ **પૂ. પં. શ્રી ચન્દ્રશેખરવિજયજી મ.સા.**



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# મનને સ્થિર કેમ રાખવું ?

એક વાર શ્રીમદ્ રાજચંદ્રજી વસો મુકામે નિવૃત્તિમાં રહ્યા હતા, ત્યારે મુનિશ્રી મોહનલાલજીએ શ્રીમદ્જીને પૂછ્યું, "મન સ્થિર રહેતું નથી, તેનો ઉપાય શો?"

શ્રીમદ્જી કહે, "એક પળ પણ નકામો કાળ કાઢવો નહીં. કોઈ સારું પુસ્તક, વૈરાગ્યાદિની વૃદ્ધિ થાય તેવું, વાંચવું-વિચારવું. એ કાંઈ ન હોય તો છેવટે માળા ગણવી. પણ જો મનને નવરું મેલશો તો ક્ષણવારમાં સત્યાનાશ વાળી દે તેવું છે. માટે તેને સદ્વિચારરૂપ ખોરાક આપવો.

જેમ ઢોરને કંઈ ને કંઈ ખાવાનું જોઈએ જ-દાણનો ટોપલો આગળ મૂક્યો હોય તો તે ખાયા કરે છે, તેમ મન પણ ઢોર જેવું છે. બીજા વિકલ્પો બંધ કરવા માટે તેને સદ્વિચારરૂપ ખોરાક આપવાની જરૂર છે.

મન કહે તેથી ઊલટું વર્તવું; તેને વશ થઈ તણાઈ જવું નહીં."

## સોનેરી સુવાક્યો

- તમે સુખ શોધો છો સંપત્તિમાં અને સામગ્રીમાં, જ્યારે હકીકતમાં સુખ છે સમાધિમાં અને સદ્ગુણોમાં.
- જે ભૂલ કરતા જ નથી એ છે-સર્વજ્ઞ.
- જે ભૂલનું પુનરાવર્તન કરતા નથી એ છે-સુજ્ઞ.
- જે ભૂલનો બચાવ કરતા નથી એ છે-પ્રાજ્ઞ.
- જે ભૂલનો ભૂલ તરીકે સ્વીકાર જ કરતા નથી એ છે-અજ્ઞ.

આચાર્ય વિજય રત્નસુંદરસૂરીશ્વરજી



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# પ્રાર્થનાનું મૂલ્ય

મહાત્મા ગાંધીજી સાથે કેટલાક સાથીદારો દક્ષિણ ભારતના પ્રવાસે ગયા હતા ત્યારે, ત્યાંના એક ગામમાં ચરખા-સ્પર્ધા યોજાઈ હતી.

ગાંધીજી પણ તે પ્રસંગે હાજર હતા.

રંગમાં ને રંગમાં, કેટલા વાગ્યા તેનો ખ્યાલ રહ્યો નહિ.

પૂર્ણાહુતિ થઈ ત્યારે રાતના બરાબર બાર વાગ્યા હતા.

ગાંધીજી અને તેમના સાથીદારો પોતાને સ્થાને પાછા ફર્યા.

આંખોમાં ઘેન ભરાઈ ગયું હતું. એટલે, પથારીમાં પડતાંવેંત જ બધા ઘસઘસાટ ઊંઘી ગયા.

રાત્રે બે વાગ્યાના સુમારે, ગાંધીજીની આંખ એકાએક ઊઘડી ગઈ.

તેમને તરત જ યાદ આવ્યું કે આજે પોતે સૂતી વેળાની પ્રાર્થના કરવાનું ભૂલી ગયા હતા.

તેમના હૈયાને એક પ્રકારનો આઘાત લાગ્યો.

તેમની ઊંઘ ઊડી ગઈ. શરીર ધ્રુજવા લાગ્યું. કડકડતી ઠંડીમાં પણ તેઓ પરસેવે રેબઝેબ થઈ ગયા!

આખી રાત પ્રાર્થનામાં પસાર થઈ ગઈ.

સવારે સાથીદારોને આ પ્રસંગની ખબર પડી ત્યારે તેમણે પૂછ્યું કે અજાણતા આવી નાનકડી ભૂલ થઈ ગઈ તેનું આટલું બધું પ્રાયશ્ચિત્ત!

ગાંધીજીએ ગંભીરતાથી જવાબ વાળ્યો,

"આ ભૂલ નાનકડી ન ગણાય. રાતદિવસ જે મને જિવાડી રહ્યો છે તે ઈશ્વરને જ હું ભૂલી બેઠો એ કંઈ નાનોસૂનો અપરાધ નથી!" –

ઈશ્વર પરની ગાંધીજીની આવી દૃઢ આસ્થા જોઈ સાથીદારોના મસ્તક આદરભાવે નમી પડ્યા.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# જીવનની સચ્ચાઈ

ધારાનગરીમાં રાજા ભોજ રાજ્ય કરતા હતા. કહેવાય છે કે કવિઓમાં, યોગીઓમાં, દાનીઓમાં, ધુરંધરોમાં અને ધર્માત્માઓમાં તેમના જેવો બીજો કોઈ રાજા થયો નથી. તેઓની ઉદારતા અને પ્રજા પ્રત્યેના પ્રેમની કેટલીયે વાતો પ્રચલિત છે.

જ્યારે જીવનની છેલ્લી ઘડી આવી, ત્યારે તેમણે પોતાના દીવાનને બોલાવીને કહ્યું, 'મારા મૃત્યુ બાદ એક કામ કરશો ?'

'શું મહારાજ ?' દીવાને ઉત્સુક્તાથી પૂછ્યું.

ભોજે કહ્યું, "જ્યારે મારા દેહને સ્મશાનભૂમિએ લઈ જાઓ ત્યારે મારો એક હાથ સફેદ અને બીજો હાથ કાળો કરી દેજો અને બંને હાથ બધાને દેખાય એ રીતે મૃતદેહને લઈ જજો."

રાજાનો આવો હુકમ સાંભળી દીવાન આશ્ચર્યમાં પડી ગયા. તેમની સમજમાં નહોતું આવતું કે રાજા આ જાતનો આદેશ કેમ આપી રહ્યા છે! અચકાતાં અચકાતાં તેમણે પૂછ્યું, "રાજન્ આપ શા માટે આવું કરવાનું કહી રહ્યા છો ?"

રાજા ભોજ બોલ્યા, "એટલા માટે કે ખાલી હાથ જોઈને લોકોને જાણ થઈ જાય કે રાજા હોય કે રંક, કોઈ પણ પોતાની સાથે ધન-સંપત્તિ વગેરે નથી લઈ જતા. બધા જ ખાલી હાથે આવે છે અને ખાલી હાથે જાય છે. સફેદ અને કાળો રંગ એ બતાવવાને માટે કે માણસની સાથે જો કશું જાય છે, તો તેનાં સારાં અને ખરાબ કર્મો જ જાય છે."

રાજાએ જીવનની એક એવી સચ્ચાઈને પ્રકાશિત કરી દીધી કે જેને દીવાન ક્યારેય ભૂલી શકયો નહીં. વાચક પણ જીવનની આ સચ્ચાઈને ભૂલી જશે નહિ.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## Let Go, Let God

બોકૂઝા ઝેન સંપ્રદાયમાં સંત થઈ ગયા.

જ્યારે તેઓ નાના હતા ત્યારે એમના ગુરુની સેવામાં અને અભ્યાસમાં રહેતા હતા તે સમયની ઘટના છે.

એક વખત તેઓ ગુરુની રૂમમાં કચરો સાફ કરતાં હતા ત્યારે અચાનક ગોખલામાં બિરાજમાન પ્રતિમાને હાથ અડી ગયો. કંઈ વિચારે એ પહેલાં પ્રતિમાના ધડ અને મસ્તક અલગ થઈ ગયા. પ્રતિમા ખંડિત થઈ ગઈ. બોકૂઝાને આંચકો લાગ્યો. આ શું થઈ ગયું!!

કેવી ભવ્ય પ્રાચીન અને મનોહર પ્રતિમા!

કેટલી પેઢીઓથી-ગુરુપરંપરાથી પૂજાતી આવેલી પ્રતિમા!

ગુરુજી રોજ જેના સામે પૂજાપાઠ કરતાં એ પ્રતિમા ખંડિત થઈ ગઈ!

ગુરુજીને ખબર પડશે ત્યારે એમને કેવો આઘાત લાગશે.

મારા ઉપર ગુસ્સે થશે કે નહીં થાય?

વધુ વિચારવાનો સમય ન હતો..... ગુરુજી આવી રહ્યા હતા.

પ્રતિમાને ગોખલામાં ગોઠવી દીધી. ગુરુજીનું સ્વાગત કર્યું અને નમન કરીને તેમણે પ્રશ્ન કર્યો,

'ગુરુજી! કોઈ મરે છે તો શા કારણે મરે છે ?'

મંદ મંદ સ્વરે ગુરુજી કહે, "બેટા! જેનો જ્યારે કાળ પૂરો થાય એટલે મરે. કાળ પૂરો ન થાય ત્યાં સુધી ટકે. કાળનો ધર્મ છે-નવાને જૂનું કરવાનો. બાળકને જુવાન, જુવાનને વૃદ્ધ કરવાનો. એમાંથી કોઈ બચી ન શકે."

બોકૂઝા કહે, "ગુરુજી, આપની આ પ્રતિમાનો પણ કાળ પૂરો થયો છે. આજે પ્રતિમા ખંડિત થઈ ગઈ છે."



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગુરુ કહે, "બેટા! આ સિદ્ધાંતને હંમેશાં હૃદયમાં કોતરી રાખજે કે જ્યારે જે કંઈ પણ બને છે, તો એ પ્રમાણે ઘટનાનું નિર્માણ થયું હશે, એવી નિયતિ હશે-એમ માની મનને દરેક ઘટનામાં પ્રસન્ન રાખજે."

નાની નાની ઘટનાઓની ઉપેક્ષા કરો. Let go. મોટી ઘટનાઓમાં નિયતિને એ મંજૂર હશે, એમ વિચારો. Let God.

પછી કોઈ નિમિત્તો તમારી પ્રસન્નતાને લૂંટી શકશે નહીં.

## પુસ્તક જીવન બદલે છે.

પુસ્તક માણસના જીવનમાં કેવી ક્રાંતિ લાવી શકે છે એ જાણવા વેર્નર હીસનબર્ગનું ઉદાહરણ ધ્યાનાકર્ષક છે.

ઓગણીસ વર્ષની વયે વેર્નર એક ચોકિયાત તરીકે નોકરી કરતો હતો. એ વખતે તેના હાથમાં પ્લેટોનું એક પુસ્તક આવ્યું.

**'તિમૈયસ'** નામનું પુસ્તક એ અત્યંત રસથી વાંચી ગયો. એમાં એને ખૂબ આનંદ આવ્યો. યુનાની લોકોની અણુ-પરમાણુ વિષેની વાતો વાંચ્યા પછી ભૌતિકશાસ્ત્રમાં એને એટલો બધો રસ પડી ગયો કે એણે એ વિષયના સંખ્યાબંધ પુસ્તકોનું લગનપૂર્વક અધ્યયન કર્યું.

અને પાંચ વર્ષમાં તો એ લેકચરર બની ગયો. છવ્વીસમા વર્ષે તો લીપજીંગમાં પ્રોફેસર પદે પહોંચી ચૂક્યો.

અને બત્રીસ વર્ષની વયે પહોંચતા સુધીમાં એણે ભૌતિકશાસ્ત્રને લગતા એવા સંશોધનો કરી દીધાં કે એને નોબેલ પુરસ્કાર આપવામાં આવ્યો.

ધર્મમાં આવી લગની લાગી જાય તો......?



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# રત્નકણિકાઓ

- પ્રેમ દબાણ ન કરે, એ તો સદા સમર્પણ કરે.
- આપણી આય (આવક)માં મજબૂર લોકોની હાય ભળેલી હોય તો અંતે ઘરસંસારમાં લાય જ છે.
- **'સાચું તે મારું'**-આ વાતને સ્વીકારે તેનો ક્યાંય કદી ઝઘડો નહિ થાય.
- બીજાઓએ કરેલાં સત્કાર્યો તરફ બાળકોનું ધ્યાન ખેંચવાથી તેમના સંસ્કાર દૃઢ બને છે.
- સીડીની ટોચ પર પહોંચેલો માણસ સીડીના પહેલા પગથિયાનો ઋણી રહેવો જોઈએ.
- ફેશન અને વ્યસન, ઘૂંટાવે નરકના લેશન.
- બીજાનો વિચાર કરીને જો બધા જીવે તો ઘરમાં સ્વર્ગ સર્જાય.
- માણસ કરતાં ફેશન વધારે કપડાં ફાડી નાખે છે!
- પતિને જે વ્રત આપે તે પતિવ્રતા, એટલે પતિને પ્રભુતામાં વાળનાર સ્ત્રી જ સાચી પતિવ્રતા સ્ત્રી છે.
- બધે Fit થશો તો ક્યાંય Fight નહિ થાય.
- માન હો કે અપમાન, માને સમાન તે મહાન.
- જેની ભાષામાં સભ્યતા હોય, એના જીવનમાં ભવ્યતા આવે.
- ધર્મમાં ખર્ચાતું ધન ખર્ચ્યું કે વાપર્યું ન કહેવાય, પણ વાવ્યું કહેવાય.
- ક્રોધ ખરાબ છે, કારણ કે પહેલાં પરેશાની, પછી પરસેવો અને અંતે પસ્તાવો.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

- જીવનનો Fuse ઊડે તે પહેલાં સાચો Use કરી લેજો.
- ઘર મોટાં હોવાથી ભેગું નથી રહેવાતું, મન મોટાં હોય તો ભેગું રહેવાય છે.
- સુખી થવાનો રસ્તો, આવકનો વધારો નહિ પણ જરૂરિયાતનો ઘટાડો છે.
- 'લેબલ' તો ઘણાનાં ઊંચા છે, પણ 'લેવલ' ઊંચા છે ખરાં ?
- અન્નનો અપચો એનું નામ ઝાડા, શબ્દનો અપચો એનું નામ ઝઘડા.
- જે અન્યને બને ઉપયોગી, એ જ કહેવાય ખરો યોગી.
- પ્રલોભનોને ટાળે, પ્રતિકૂળતાને સ્વીકારે એ જ પ્રસન્નતાને ટકાવે છે.
- બાળકોને તમારી સીમાઓ ન દેખાડો. એને ઊંચે ઉડવાને આકાશ આપો.
- તન શુદ્ધ કરો સ્નાનથી, મન શુદ્ધ કરો જ્ઞાનથી, ધન શુદ્ધ કરો દાનથી, આત્મા શુદ્ધ કરો ધ્યાનથી.
- છોડવા જેવો કુસંગ, કરવા જેવો સત્સંગ અને અંતે થઈ જવું નિઃસંગ.
- નાનો હતો ત્યારે માતાની પથારી ભીની રાખતો, મોટો થયો ને માતાની આંખડી ભીની રાખે છે. રે.... પુત્ર! તને માને ભીનાશમાં રાખવાની ટેવ પડી છે!
- નીતિની લગામ વગરનો પૈસો ગાંડો આખલો છે. તે ક્યારેક ને ક્યારેક પછાડશે જ.
- મા-બાપ જીવતાં હોય ત્યારે એમને અપમાનિત કરી ચૂપ કરે ને એમના મર્યા પછી એમના ફોટાને ધૂપ કરે એ સંતાનો કેવા કપૂત કહેવાય!



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# અપંગ કોણ ?

કોઈ નગરમાં એક શેઠ રહેતા હતા. તેઓ અઢળક સંપત્તિ ધરાવતા હતા. વિશાળ હવેલી હતી, નોકર-ચાકર હતા, હર્યું-ભર્યું ઘર હતું. દરેક વાતે તેઓ સુખી હતા. પરંતુ એક વાતનું તેમને દુઃખ હતું. શેઠને રાતે ઊંઘ આવતી નહોતી. ક્યારેક ઊંઘ આવી જતી તો પણ ભયાનક સ્વપ્નો આવતાં. શેઠ ખૂબ જ હેરાન-પરેશાન થઈ જતાં.

શેઠે અનેક ઈલાજ કર્યા, પરંતુ તે રોગ ઓછો થવાને બદલે વધતો જતો હતો.

એક દિવસ એક સાધુ નગરમાં આવ્યા. તેઓ ખૂબ જ્ઞાની હતા.

શેઠને જાણ થઈ તો તે પણ તેમની પાસે ગયા અને પોતાની મુશ્કેલી તેમને કહી સંભળાવી અને પોતાનું દુઃખ દૂર કરવા વિનંતી કરી.

સાધુએ કહ્યું, "શેઠજી, આપના રોગનું એક જ કારણ છે અને તે એ કે આપ અપંગ છો!"

શેઠે આશ્ચર્યપૂર્વક તેમની તરફ જોયું ને પૂછ્યું, "આપ મને અપંગ કેવી રીતે કહો છો ? આ જુઓ, મારા તંદુરસ્ત હાથ-પગ છે."

સાધુએ હસીને કહ્યું, "જેના હાથ-પગ નથી હોતા, તે માણસ અપંગ હોતો નથી. હકીકતમાં અપંગ તો તે છે, જ્યારે હાથ-પગ હોવા છતાં તેનો ઉપયોગ નથી કરતો. બોલો, શરીરથી તમે કેટલું કામ કરો છો ?"

શેઠ શો જવાબ આપે! તે તો દરેક નાના-મોટા કામ નોકરને સોંપી દેતા હતા.

સાધુએ કહ્યું, "જો તમે રોગથી બચવા ઈચ્છતા હો, તો હાથ-પગની એટલી મહેનત કરો કે થાકીને લોથપોથ થઈ જવાય. તમારી બીમારી બે દિવસમાં દૂર થઈ જશે."

શેઠે તે મુજબ જ કર્યું. સાધુની વાત સાચી નીકળી. બીજા દિવસે રાતે શેઠ એટલા ઘસઘસાટ ઊંઘી ગયા કે તેમને પોતાને નવાઈ લાગી.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# મોતનો ડર શા માટે ?

ભારતના મહાન ક્રાંતિકારી ખુદીરામ બોઝને બ્રિટિશ સત્તા હેઠળ ચાલતી અદાલતે ફાંસીની સજા ફરમાવી.

અદાલતમાં હાજર રહેલા લોકોના હૃદયે એક અસહ્ય આઘાત અનુભવ્યો. ભારતમાતાની મુક્તિ કાજે ખુલ્લી છાતીએ લડનાર આ ક્રાંતિકારી ખુદીરામ બોઝને ફાંસીના માંચડે લટકવું પડશે એવા વિચારમાત્રથી એ લોકો કંપી ઊઠ્યા.

પણ આ તો અદાલતનો આખરી ફેંસલો!

એમાં કશો ફેરફાર થઈ શકે નહિ, ભલે ને પછી ફેંસલો ન્યાયી હોય કે અન્યાયી! કોર્ટમાંથી લઈ જઈને ખુદીરામ બોઝને અંધારી કોટડીમાં પૂરી દેવામાં આવ્યા. આ કોટડીમાં તેમણે હવે ફાંસીના દિવસની પ્રતીક્ષા જ કરવાની રહી હતી. જેલના અધિકારીને ફાંસી આપવાના આગલા દિવસે મનમાં થયું : 'લાવ, મને ખુદીરામ બોઝ પાસે જવા દે! તે આ ફાંસીની સજાથી ભાંગી પડ્યો હશે. મારે તેને આશ્વાસન આપવું જોઈએ. એ નિરાશ માણસને થોડું સાંત્વન મળવું જોઈએ.' આવો વિચાર કરીને તે ખુદીરામ બોઝની કોટડીમાં આવ્યો. ચાવીથી કોટડીનું બારણું ખોલી તે અંદર પ્રવેશ્યો અને તેણે જોયું તો ખુદીરામ બોઝ ખુશમિજાજમાં હતા! એમના મુખ પર દુઃખની છાયા પણ વર્તાતી નહોતી!

આવતીકાલે જેમને ફાંસી મળવાની છે એવા આ કેદી ખુદીરામ બોઝના ચહેરા પર અજબ પ્રસન્નતા જોઈ અધિકારીએ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેમને પૂછ્યું,

"અરે! આવતીકાલે તો તને ફાંસી મળવાની છે, છતાં તું આટલો બધો ખુશખુશાલ છે! મોતની બીક તને નથી લાગતી ?"

આ ક્રાંતિકારી યુવાને ક્રાંતિકારીને શોભે એવો ગૌરવાન્વિત જવાબ આપ્યો,

"મોતથી ડરે તે કદી ક્રાંતિનો દીવાનો બની શકે નહિ. મોત તો તેને માટે પરમ સુખ બની રહેતું હોય છે. ક્રાંતિકારી કદી મોતનો ભય રાખતો નથી; મોત જ એવા ક્રાંતિકારીથી ડરતું હોય છે! ક્રાંતિકારી તો મરીને અમર થવા માટે ફાંસીને એવી અમરતાની પ્રાપ્તિનું એક માધ્યમ જ માને છે!"

## ચેનલોનો પ્રભાવ !!

કહેવાય છે કે બાળક પર માનો પ્રભાવ પડે છે. પણ આજે બાળક મા કરતા પ્રચાર માધ્યમોથી વધુ પ્રભાવિત થઈ રહ્યો છે. કાલ સુધી કહેવાતું હતું કે આ બાળક મા પર ગયું છે અને આ બાપ પર. પણ આજે જે રીતે દેશી-વિદેશી ચેનલો હિંસા અને અશ્લીલતા દેખાડે છે તે જોઈને લાગે છે કે કાલે એમ કહેવાશે કે આ બાળક ઝી ટી.વી. પર ગયું છે અને આ સ્ટાર પર!

આજે વિભિન્ન ચેનલો દ્વારા દેશ પર જે સાંસ્કૃતિક હુમલા થઈ રહ્યા છે, તે ઓસામા બિન લાદેન જેવા ત્રાસવાદીઓના હુમલાથી વધુ ખતરનાક છે!

**મુનિશ્રી તરુણસાગરજી**



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# સુદૃઢ સંકલ્પનું ફળ

અડગ નિશ્ચય અને મનનો સાચો દૃઢ સંકલ્પ એક સાધારણ માણસને પણ મહાન બનાવવામાં કેવો કીમતી ફાળો આપે છે તે આપણને ઈંગ્લેન્ડના વડાપ્રધાન વિન્સ્ટન ચર્ચિલના જીવનમાં જોવા મળે છે.

ચર્ચિલ નાનપણમાં ભણવામાં કંઈ ખાસ હોશિયાર નહોતા.

ગણિત, ભાષાઓ આદિ વિષયોમાં તેમને કોઈ અભિરુચિ નહોતી.

પણ એકવાર તેમને મનમાં થયું કે મારે ગણિતના વિષયમાં ખાસ રસ લેવો જોઈએ અને ભાષાઓ પણ વિશેષરૂપે શીખવી જોઈએ.

પછી તો તેમણે એ ભાષાઓ અને ગણિત શીખવા માટે મહેનત કરવા માંડી. જે વિષયોમાં તેમને રસ નહોતો તે જ વિષયો પાછળ તેમણે તનતોડ મહેનત કરવા માંડી.

આને પરિણામે જતે દિવસે તેઓ ગણિતના નિષ્ણાત બની ગયા.

અને એક સમયે તેઓ ઈંગ્લેન્ડના નાણાપ્રધાન પણ બન્યા!

એ હોદ્દા પર ચાર વર્ષ સુધી રહીને દેશના નાણાપ્રધાન તરીકેની કીર્તિ તેમણે, પોતાના દૃઢ સંકલ્પના બળથી પ્રાપ્ત કરી.

એક મિત્ર પરના પત્રમાં તેમણે લખેલ શબ્દો જોઈએ :

"બીજા અધિકારીઓ જે વેળા આરામ લેતા તે વેળા હું ઈતિહાસ, અર્થશાસ્ત્ર અને તત્ત્વચિંતનના પુસ્તકો વાંચતો! મહાન લેખકોની અમર શિષ્ટ સાહિત્યકૃતિઓ વાંચવાનું પણ હું ચૂકતો નહિ. રોજ સોળથી સત્તર કલાક કામ કરવામાં હું મારી જાતને ધન્ય માનતો. ખંત, પરિશ્રમ, કાર્યનિષ્ઠા અને અચલ આત્મવિશ્વાસ જ માણસને મહાન બનાવે છે તે હું મારા જાતઅનુભવથી કહી શકું છું."



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## 'દયાવાન'

એક કિશોરે તેના પિતાને કહ્યું કે મારે વીસ રૂપિયા જોઈએ છે.

દીકરાની વાત સાંભળીને પિતાજીએ પૂછ્યું, "કેમ ? કાલે તો તું દસ રૂપિયા લઈ ગયો હતો. ફરી આજે કેમ પૈસા જોઈએ છે ?"

છતાં પિતાજીએ પોતાના પુત્રને વીસ રૂપિયા આપ્યા પરંતુ તે આપેલા પૈસાનું શું કરે છે તે જોવા નોકરને તેના પાછળ મોકલ્યો.

કિશોર પિતાજી પાસેથી પૈસા લઈને એક ગરીબ વસ્તી તરફ ગયો અને એક સામાન્ય બાળકને પોતાની સાથે લીધો. તેઓ બંને એક પુસ્તકની દુકાને ગયા. પિતાએ આપેલા પૈસામાંથી તે કિશોરે પેલા ગરીબ વિદ્યાર્થીને પુસ્તકો અપાવી દીધાં. તેના પિતાએ તેની પાછળ મોકલેલ નોકર આ બધું જોઈ રહ્યો હતો. તેને મન અને હૃદયથી પોતાના શેઠના દીકરા માટે માન થયું.

થોડી વાર પછી પુત્ર પાછો ઘેર આવ્યો. નોકરે શેઠને અગાઉથી બધી વાત કરી દીધી હતી. ઘરમાં આવતાવેંત જ પિતાજી તેના પુત્રને ભેટી પડ્યાં. તેમણે કહ્યું કે નાનપણથી તું આવી સારી પ્રવૃત્તિ કરે છે તેની મને ખબર નહોતી. બીજા ગરીબ વિદ્યાર્થીઓને તારે મદદ કરવા બીજા પૈસા જોઈતાં હોય તો મારી પાસેથી લઈ જજે.

આ દયાવાન કિશોર આગળ જતા દેશબંધુ ચિત્તરંજનદાસ તરીકે જાણીતો થયો.

## આસક્તિ

એક મકાનને આગ લાગી. બાપ ધ્રુસકે ધ્રુસકે રોતો હતો. ત્યાં પાડોશીએ આવીને કહ્યું, "આ મકાન તો તમારા દીકરાએ કાલે વેચી દીધું છે." બાપ રોતો બંધ!!

ત્યાં છોકરો દોડતો આવ્યો અને બોલ્યો, "બાપા, વેચવાની વાત ચાલતી હતી, પાકી નહોતી થઈ." બાપ ફરીથી પોક મૂકી રોવા લાગ્યો! રડવાનો સંબંધ '**મારાપણા**'ના ભાવને લીધે જ છે !



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ઈશ્વરનો સાક્ષાત્કાર

એક માણસ હતો. તેને ઈશ્વરને જોવાની ઈચ્છા થઈ. તે એક સાધુ પાસે ગયો અને બોલ્યો, “સ્વામીજી ! હું ભગવાનના દર્શન કરવા ચાહું છું. આપ કરાવી શકશો ?”

સાધુએ તરત જ કહ્યું, “કેમ નહીં ! કાલે સવારે અહીં આવી જજો. આપણે સાથે સામે પહાડના શિખર પર જઈશું. ત્યાં જઈ હું તમારી ઈચ્છા પૂરી કરી દઈશ.”

બીજા દિવસે તે માણસ સાધુ પાસે પહોંચી ગયો. સાધુએ કહ્યું,

“તમે આવી ગયા ! ચાલો જઈએ. જરા આ પોટલી માથે ઉઠાવી લો !”

થોડું ચાલ્યા પછી પેલા માણસને પોટલીનો ભાર વધારે લાગ્યો.

ખૂબ સાહજિકતાથી સ્વામીજીએ કહ્યું, “કંઈ વાંધો નહીં. આ પોટલીમાં પાંચ પથ્થર છે. એક કાઢીને ફેંકી દો.”

પરંતુ થોડે દૂર જતાં વળી થાક લાગ્યો. હજુ પહાડનું શિખર ખૂબ દૂર હતું. તેણે સાધુને પોતાની મુશ્કેલી બતાવી. સાધુએ કહ્યું, ‘સારું, એક પથ્થર હજી ફેંકી દો !’

બે પથ્થર ફેંકી દેવાથી પોટલી થોડી હલકી થઈ ગઈ, પરંતુ થોડું આગળ ચાલતાં ફરીથી તે જ મુશ્કેલી સામે આવીને ઊભી રહી. સાધુએ ત્રીજો પથ્થર ફેંકાવી દીધો, પછી ચોથો અને પછી પાંચમો ! ખાલી કપડાને ખભા પર નાખી તે માણસ શિખર પર પહોંચી ગયો.

ત્યાં જઈ તેણે સાધુને કહ્યું, “સ્વામીજી ! આપણે શિખર પર આવી ગયા. હવે ભગવાનનાં દર્શન કરાવો.”

ગંભીર થઈ સ્વામીજીએ કહ્યું, “હે ભાઈ ! પાંચ પથ્થરની પોટલી ઉઠાવી તું પહાડ પર ન ચઢી શક્યો ! પરંતુ પોતાની અંદર કામ, ક્રોધ, લોભ, મોહ, માન વગેરે અનેક પથ્થરો રાખી તું ઈશ્વરના દર્શન કરવા માગે છે !”

તે માણસની આંખો ખુલી ગઈ.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# પત્રની પૂજા

એક શેઠ બહારગામ જવાની તૈયારીમાં હતા અને એમનો જૂનો, વિશ્વાસુ અને અનુભવી મુનીમ અકસ્માતમાં મરણ પામ્યો. શેઠને મોટી મુશ્કેલી ઊભી થઈ. પોતાને બહારગામ ગયા વિના ચાલે તેમ નહોતું અને પેઢીને સંભાળે એવો અનુભવી અને વિશ્વાસુ કોઈ માણસ ન હતો. છેવટે તાત્કાલિક એક માણસને મુનીમ તરીકે રાખી લીધો. નવો મુનીમ ધંધાની બાબતનો જાણકાર ન હતો એટલે શેઠે એને કહી દીધું, "જુઓ હું બહારગામ જાઉં છું. રોજ ટપાલ લખતો રહીશ. મારી ટપાલને ખૂબ જ મહત્ત્વની માનજો." શિખામણ આપી શેઠ બહારગામ ગયા. બહારના વાતાવરણ પ્રમાણે વેપારના સોદાઓ કેટલા, કેમ, કોની સાથે કરવા એની સૂચના શેઠ રોજ ટપાલ દ્વારા મોકલતા રહ્યા.

પંદર દિવસ પછી પાછા આવીને શેઠે નવા મુનીમને બોલાવ્યા અને પૂછ્યું, 'ટપાલ પ્રમાણે વેપારધંધો બરાબર કર્યો છે ને ?' નવો મુનીમ કહે, "શેઠજી, તમારી ટપાલ હાથમાં લેતો, એને મસ્તકે અડાડતો, પછી શુદ્ધ ઘીનો દીપક પ્રગટાવી ધૂપ કરતો. ભગવાન જેટલું જ મહત્ત્વ મેં આપની ટપાલને આપ્યું છે."

શેઠ કહે, "ભલા માણસ! ટપાલને મહત્ત્વ આપવું એટલે એને ધૂપ-દીપ કરવા એવું નહિ પણ એમાં લખેલી સૂચનાને અમલમાં મૂકવી. તેં તો ટપાલ ખોલીને વાંચી પણ નથી તો અમલમાં મૂકવાની શી વાત કરવી!"

શાસ્ત્રોનું પૂજન કરનારા અને ધૂપ-દીપ દ્વારા બહુમાન કરનારા આપણે એ શાસ્ત્રોમાં ફરમાવેલી આજ્ઞાને જાણીએ નહીં, પાલન કરીએ નહીં તો આપણે પણ નવા મુનીમ જેવા મૂરખ કહેવાઈએ.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# સુખ અને શાંતિ

અઢી હજાર વર્ષ પહેલાંની વાત છે. બુદ્ધ એક ગામમાં રોકાયા હતા. એક માણસ તેમની પાસે આવ્યો અને બોલ્યો,

“ભન્તે, આપ ત્રીસ વર્ષથી લોકોને શાંતિ, સત્ય અને મોક્ષની વાત સમજાવી રહ્યા છો, પરંતુ કેટલા લોકો એવા છે કે જેઓને મોક્ષની પ્રાપ્તિ થઈ છે ?”

બુદ્ધ તેમની વાત સાંભળી બોલ્યા, “તમે પછી આવીને મળજો, ત્યારે તમારી વાતનો જવાબ આપીશ. પરંતુ તમે એક કામ કરશો ?”

‘શું ?’ તે માણસે પૂછ્યું.

બુદ્ધે કહ્યું, “આખા ગામમાં આંટો મારીને લોકો પાસે લખાવી લાવજો કે કોણ શાંતિ ઈચ્છે છે, કોણ સત્ય અને કોણ મોક્ષ ?”

તે માણસ આશ્ચર્યપૂર્વક બોલ્યો, “કોણ એવો કમનસીબ હશે, જે આ ચીજોને ઈચ્છશે નહીં!”

બુદ્ધે કહ્યું, “તમે એક વાર જાણી લાવો કે કોણ-કોણ આ વસ્તુઓની ઈચ્છા ધરાવે છે.”

તે માણસે કલાકો સુધી ગામમાં આંટાફેરા કર્યા, પરંતુ એક પણ માણસ એવો ન મળ્યો કે જે શાંતિ, સત્ય અને મોક્ષને ઈચ્છતો હોય!

કોઈએ કહ્યું : ‘મારે ધન જોઈએ.’

કોઈએ કહ્યું : ‘મારે કીર્તિ જોઈએ.’

કોઈએ કહ્યું : ‘મારે રોગોથી છૂટકારો જોઈએ.’

કોઈએ બાળકો, તો કોઈએ નોકરી, તો કોઈએ લાંબુ આયુષ્ય માગ્યું.

તે માણસ અવાચક બની ગયો. પછી બુદ્ધ પાસે આવીને કહ્યું, “આ તો વિચિત્ર ગામ છે, મહારાજ! કોઈ ધન ઈચ્છે છે, તો કોઈ કીર્તિ ! પરંતુ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શાંતિ, સત્ય અને મોક્ષને પ્રાપ્ત કરવાવાળો એક પણ માણસ સાંપડ્યો નથી!"

બુદ્ધે કહ્યું, "આમાં વિચિત્ર શું છે! આપણામાંથી મોટા ભાગના લોકો બાહ્ય સુખ-સંપત્તિ ઈચ્છે છે, શાંતિ નહિ અને સુખ મેળવવા માટે અશાંતિના કુમાર્ગે જાય છે. સુખ તો આપણી અંદર જ રહેલું છે, તેને પ્રાપ્ત કરવા યોગ્ય પુરુષાર્થ કરવો જોઈએ."

## આપી જાણે તે દાતા

એક વાર ઈશ્વરચન્દ્ર વિદ્યાસાગર બજારમાં ચાલ્યા જતા હતા. રસ્તામાં એક બાળક ઊભો ઊભો ભીખ માગી રહ્યો હતો, 'સાહેબ, એક આનો આપો. ભગવાન તમારું ભલું કરશે.'

વિદ્યાસાગરે તેને પૂછ્યું, "આજે એક આનો આપું, પરંતુ કાલે તું શું કરીશ? બસ, રોજ આમ લાચાર બનીને ભીખ જ માગ્યા કરીશ?"

ભિખારી બાળકે કહ્યું, 'બીજું શું કરું? તમે જ કહો.'

વિદ્યાસાગરે કહ્યું, "ભીખ માગવા કરતાં તો મરવું ભલું. આમ લાચાર બનીને ક્યાં સુધી જીવીશ? લે, આ પાંચ રૂપિયા. કાંઈક નાનકડો ધંધો કર."

ભિખારી તો રાજી થઈ ગયો. બીજે દિવસે તેણે પાંચ રૂપિયાના સંતરા ખરીદ્યા અને છાબડી લઈને વેચવા લાગ્યો. પાંચના પચ્ચીસ અને પચ્ચીસના પચ્ચાસ થયા. પછી તો તેણે દુકાન ખરીદી લીધી. એક દિવસ વિદ્યાસાગર તેની દુકાને આવી ચઢ્યા પણ તેને ઓળખી ન શક્યા. યુવાને કહ્યું,

"મને ન ઓળખ્યો? તમે મને પાંચ રૂપિયા આપેલા તે ભૂલી ગયા? આજે હું પગભર છું અને સુખી છું. લો આ તમારા રૂપિયા પાછા."

વિદ્યાસાગરે કહ્યું, "દોસ્ત, તું આ રૂપિયા કોઈ એવી વ્યક્તિને આપજે કે જે તારી માફક પોતાની જિંદગીને નવો વળાંક આપી શકે!"



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# તૃષ્ણા

સવારનો સમય હતો.

નગરના પાદરે એક વટવૃક્ષની નીચે બેસીને કોઈક ફકીર કેટલાક ગરીબ લોકોને તાંબાના સિક્કાઓ આપી રહ્યો હતો.

આવા તાંબાના સિક્કાઓ ગરીબ લોકોના હાથમાં આવતાં તેમના આનંદનો કોઈ પાર નહોતો.

ફકીર આમ ગરીબ લોકોને તાંબાના સિક્કાઓ વહેંચી રહ્યો હતો એવામાં તે માર્ગ પર નગરનો રાજા કશાક કામવશાત્ ત્યાંથી પસાર થયો.

રાજાને જોતાં જ ફકીર પોતાની જગાએથી ઊભો થયો અને દોડીને રાજા પાસે પહોંચીને રાજાના હાથમાં તાંબાના કેટલાક સિક્કાઓ મૂક્યા.

આ જોઈ રાજા બોલ્યો, "સાંઈબાબા, તમે ભૂલથી મને આ સિક્કાઓ આપી બેઠા છો!"

'કેમ?'

'હું કંઈ ગરીબ નથી. હું તો રાજા છું.'

"મને એ ખબર છે કે તમે રાજા છો! છતાં ગરીબ છો એટલે મારે તમને તાંબાના સિક્કાઓ આપવા જ જોઈએ.'

આવી વિરોધાભાસી વાણી સાંભળી રાજાએ ફકીરને કહ્યું, "હું રાજા છું, મારી પાસે મોટું રાજ્ય છે. મારા ઐશ્વર્યનો કોઈ પાર નથી. મારી પાસે અપાર સંપત્તિ છે. છતાં તમે મને ગરીબ શા માટે ગણો છો?"

ફકીર બોલ્યો, "તારી પાસે મોટું રાજ્ય અને અપાર સંપત્તિ હોવા છતાં તું વધુ રાજ્ય અને સંપત્તિ મેળવવા માટે બીજા રાજ્યો પર આક્રમણ કરે છે. અનેક નિર્દોષ માણસોના લોહી રેડે છે. તને તારી પાસે છે એટલાથી



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સંતોષ નથી. તારી આ તૃષ્ણાએ જ તને ગરીબ બનાવ્યો છે. તારી તૃષ્ણા વધતી જ રહેશે, તેનો કોઈ અંત નહિ આવે! એટલે તું ગરીબ જ કહેવાય!"

રાજાની આંખો ઊઘડી. તેને થયું કે તૃષ્ણાએ મને ખરેખર ગરીબ બનાવ્યો છે. હજી વધુ ને વધુ મેળવવાની તૃષ્ણા મારામાંથી ગઈ નથી.

**ખરો સંપત્તિવાન તો એ ગણાય કે જેને કોઈ તૃષ્ણા નથી અને ખરો ગરીબ એ ગણાય કે જેનામાં તૃષ્ણા સદા પડેલી રહે છે.**

તે દિવસથી રાજાએ પોતાના ધનભંડારો ગરીબ લોકો માટે ખુલ્લા મૂકી દીધાં.

## તંદુરસ્તીની પરીક્ષા

(૧) તમને સમયસર સાચી ભૂખ લાગે છે ?

(૨) તમને સમયસર રાતે પથારીમાં સૂતાની સાથે જ નિઃસ્વપ્ન ગાઢ ઊંઘ આવે છે ? વહેલી સવારે પંખીની જેમ તાજા થઈ જાગી જાઓ છો ?

(૩) તમને સહજતાથી, ખુલાસાપૂર્વક નિયમિત દસ્ત (ઝાડો) સાફ આવે છે ?

(૪) તમને આખો દિવસ કોઈ પણ કાર્યમાં ઉત્સાહ રહે છે ?

(૫) તમારા પગ ગરમ, માથું (મગજ) ઠંડુ, પેટ નરમ અને જીભ સ્વચ્છ રહે છે ?

(૬) તમે બધા સાથે મીઠાશથી વાત કરો છો ?

(૭) ડૂંટી પાસે દબાવવાથી પેટમાં દુખતું નથી ને ? નાકના બંને નસકોરાં ખુલ્લાં અને સ્વચ્છ છે ?

(૮) તમે ધારો તેટલો સમય ટટ્ટાર બેસી શકો છો ? કમરથી વળીને હાથથી પગના અંગૂઠા પકડી શકો છો ?

(૯) તમારું પેટ છાતીની અંદર છે ?

(૧૦) તમે એકાગ્રતા કેળવી શકો છો ? મનને કાબૂમાં રાખી શકો છો ? મનમાં સારા વિચારો આવે છે ને ?

આ તમામ પ્રશ્નોના જવાબ 'હા' હોય તો તમે તંદુરસ્ત છો.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## આપવાનો આનંદ

વિનોબાભાવેના ઘડતરમાં માતા રુક્ષ્મણીબાઈનો ફાળો મોટો છે. માતાના મોંઘેરા વારસાની વાત વાગોળતાં વાગોળતાં વિનોબા ગદ્‌ગદભાવે કહેતા,

"બચપણની વાત છે. ગામમાં અમારું એક ફણસનું ઝાડ હતું. એનું પહેલું ફણસ ઊતરતું ત્યારે દરેક ઘરમાં બબ્બે પેશી મોકલવાનો બાનો નિયમ. બા અમારી મારફત ઘેર ઘેર પેશી મોકલતી. ૫૦-૬૦ ઘરનું નાનકડું ગામ હતું. દરેક ઘરે જઈને હું પેશીઓ પહોંચાડી આવતો.

ત્યારે હું માત્ર સાત વરસનો હતો. મને હજી પણ યાદ આવે છે કે પેશીઓ વહેંચતી વેળા મને કેટલો બધો આનંદ થતો હતો! એ અજબ પ્રકારનો આનંદ હતો. જાતે ખાવાના આનંદનો તો દરેકને અનુભવ હોય છે, જાનવરને પણ હોય છે. પરંતુ બીજાને ખવડાવવામાં કેવો આનંદ આવે છે એ અનુભવી જોવા જેવું છે. આપવાનો આ આનંદ, ખવડાવીને ખાવાના સંસ્કાર હું બા પાસેથી પામ્યો છું. ભૂદાનનું મૂળ એમાં જ છે."

બાળવયે વિનોબાને **'આપવાનું અમૃત'** માતા પાસેથી મળ્યું હતું. મોટા થયા પછી અમૃતનો એ કુંભ એમણે જગત સામે ધરી દીધો!

## ફૂલનાં આંસુ

કરમાતાં કરમાતાં રડી રહેલાં ફૂલને કોઈક માનવે પૂછ્યું, "સોહામણા ફૂલ, વિદાય વેળાએ રડે છે શા માટે?"

ફૂલે જવાબ આપ્યો, "ભાઈ! દેવના મસ્તકે ચડવાનું તો મને સૌભાગ્ય ન મળ્યું, તેમ કોઈને ઉપયોગી બનવાની તક પણ મને ના મળી. આ રીતે કોઈના ઉપયોગમાં આવ્યા વગર મારે કરમાઈ જવું પડે છે એટલે મારું હૈયું ભરાઈ આવ્યું અને આંખમાં આંસુ આવી ગયા!"


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# પાંચ મિત્રો

એક માણસે કોઈ મહાપુરુષને પૂછ્યું કે તમને જીવનમાં એકલાપણું નથી લાગતું ? તમે આટલા નિશ્ચિંત કેમ લાગો છો ?

"ના, મને એકલું નથી લાગતું અને ચિંતા પણ મને સતાવતી નથી. તેનું કારણ છે. મારે પાંચ મિત્રો છે. તેઓ કદી મને દગો દેતા નથી."

"એવા તે કયા મિત્રો છે ?"

"જાણીને તમને નવાઈ લાગશે. પણ આ મારા મિત્રોને કોઈ પણ વ્યક્તિ મિત્રો બનાવી શકે છે." "તો તો તેમને મિત્રો બનાવવાનું સહેલું હશે ને ?"

"ના, એકદમ સહેલું નથી. મહેનત કરવી પડે છે. પણ એક વખત કાળજી રાખી મિત્રો બનાવી લીધા પછી તેઓ ઘણા મદદરૂપ થઈ પડે છે."

"એ પાંચ મિત્રોનાં નામ તો જણાવો."

"એમનાં નામ છે : પ્રામાણિક્તા, સાદાઈ, સચ્ચાઈ, નિખાલસતા, વચનબદ્ધતા."

# સત્સંગનો મહિમા

એકવાર એક ફારસી કવિએ કુરાનેશરીફ ઉપર થોડી ધૂળ પડેલી જોઈ. તેણે આ જોઈને ધૂળને પૂછ્યું, "અરે, આ પવિત્ર ધર્મપુસ્તક ઉપર તારા જેવી તુચ્છ અને નકામી ચીજ ક્યાંથી આવીને પડી ?"

ત્યાં તો ધૂળને એકાએક વાચા ફૂટી. ધૂળ કહે, "બાબા એ તો સત્સંગનો પ્રતાપ છે. પહેલાં પવનની સાથે મને સત્સંગ થયો. પવને મને એક ફૂલ ઉપર જઈને મૂકી દીધી. પછી એક ભક્તજને આવીને એ ફૂલો ચૂંટી લીધાં અને તેણે આ કુરાન પર એ ફૂલોને ચડાવ્યા. એટલે ફૂલના સત્સંગને લીધે હું પણ ફૂલોની સાથોસાથ આ જગ્યાએ આવી પડી."

**સંકલન : નીનાબેન કે. ભાવસાર**



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા
### સંસ્થાપક - પ્રેરક : પરમ શ્રદ્ધેય સંતશ્રી આત્માનંદજી

### સંસ્થાના મુખ્ય ઉદ્દેશો

(૧) ભારતીય સંસ્કૃતિના શાશ્વત સત્ય મૂલ્યોનું પ્રતિષ્ઠાપન, સંરક્ષણ અને સંવર્ધન.

(૨) અધ્યાત્મશાસ્ત્રોનું અને અનેકાંતવિદ્યાનું અધ્યયન-અધ્યાપન-સંશોધન-પ્રકાશન તથા અનુશીલન.

(૩) ભક્તિસંગીતની સાધના અને વિકાસ.

(૪) યોગસાધનાનો અભ્યાસ અને સમાજના સ્વાસ્થ્ય માટેનાં કાર્યોમાં દવાખાનાના સંચાલન આદિ દ્વારા સહયોગ આપવો.

(૫) સમર્પણયોગ અને આજ્ઞાપાલનની જિજ્ઞાસાવાળા વિશિષ્ટ સાધક-મુમુક્ષુઓનું આચારસંહિતામાં સ્થાપન.

### પ્રવૃત્તિઓ

[૧] **સત્સંગ-સ્વાધ્યાય-ભક્તિ તથા ધ્યાનનો અભ્યાસ :**
ભારતીય સંસ્કૃતિને અનુરૂપ, આધ્યાત્મિક મૂલ્યોને જીવનમાં વિકસાવવા માટે, સદ્‌ગુણસંપન્નતાની સિદ્ધિ માટે આ કાર્યક્રમોને કેન્દ્રની દૈનિક પ્રવૃત્તિમાં આવરી લેવામાં આવ્યા છે.

[૨] **સાહિત્યિક પ્રવૃત્તિઓ :**
જીવનને સાત્ત્વિક બનાવવામાં પ્રેરણા આપનારા લગભગ ૧૪,૦૦૦ ગ્રંથોવાળા પુસ્તકાલયનું કેન્દ્રમાં આયોજન થયું છે. સંસ્થાએ આજ સુધીમાં ગુજરાતી, હિન્દી, અંગ્રેજી તથા સંસ્કૃત-પ્રાકૃત ભાષાઓમાં ૪૫ જેટલા નાના-મોટા ગ્રંથો પ્રકાશિત કરેલ છે.
આત્મધર્મને ઉપદેશતું સંસ્થાનું 'દિવ્યધ્વનિ' નામનું આધ્યાત્મિક મુખપત્ર છેલ્લાં ૨૯ વર્ષથી પ્રગટ થાય છે; જેની કુલ સંભ્યસંખ્યા ૫૩૦૦થી વધુ છે.
આ ઉપરાંત વૈવિધ્યપૂર્ણ શિબિરો, તીર્થયાત્રાઓ, નિદાનયજ્ઞો આદિ અનેકવિધ આધ્યાત્મિક અને ગુરુકુળ-સંચાલન દ્વારા સંસ્કાર-સિંચક પ્રવૃત્તિઓ વખતોવખત થતી જ રહે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



"હું આત્મા છું,
આપનો સેવક છું,
સૌનો મિત્ર છું."

– પૂજ્ય શ્રી આત્માનંદજી

: પ્રકાશક :


**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**

**(શ્રી સત્શ્રુત સેવા સાધના કેન્દ્ર સંચાલિત)**

કોબા-૩૮૨ ૦૦૭, જિ. ગાંધીનગર

ફોન : (૦૭૯) ૨૩૨૭૬૨૧૯/૪૮૩- ફેક્સ : (૦૭૯) ૨૩૨૭૬૧૪૨

www.shrimad-koba.org



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org